**આપનો રોલ મોડેલ(આદર્શ)**
સમય-સંજોગો અનુસાર જુદી-જુદી વ્યક્તિઓ નજર સમક્ષ આવી છે.

**જોયેલું ખરાબ સ્વપ્ન**
મુસાફરી માટે વાહન સુધી પહોંચવામાં મોડા પડ્યાનું કે પ્રસંગે મોડા પહોંચ્યાનું સ્વપ્ન વારંવાર આવે.

**છેલ્લે ક્યારે રડ્યા હતા?**
મારી વાચનયાત્રા દરમિયાન પઠન કરતાં એવા પ્રસંગો એકથી વધુ વાર આવ્યા છે.

**ઘેલછા કહી શકાય તેવો શોખ**
લોકોને સારું-સારું વાંચન પહોંચાડવાનો.

**અન્યના વ્યક્તિત્વની કઇ ખૂબી ગમે?**
સહિષ્ણુતા અને ઉદાર દૃષ્ટિ.

**અન્યના વ્યક્તિત્વની કઇ ખામી ખટકે?**
બીજાની ખામીઓ શીદને શોધવી.

**મનપસંદ પોશાક**
ઝભ્ભો-લેંઘો અને ટોપી.

**મનપસંદ ગાડી**
સાઇકલ. ઉંમરને કારણે હવે છૂટી ગઇ છે.

**દેશ વિશે શું વિચારો છો?**
દેશ વિશે વધુ વિચારો તો આત્મહત્યા કરવાનું મન થાય તેવી પરિસ્થિતિ ચાલી રહી છે. થાકીને લોથપોથ થઇ જવાય એટલું કામ કરવું તે જ આપણા હાથની વાત છે.

**આપની દૃષ્ટિએ પ્રેમ એટલે...**
કર્મ એ પ્રેમનું પ્રત્યક્ષ સ્વરૂપ છે.

**આપની દૃષ્ટિએ લગ્ન એટલે...**
પૂરસ્વરને ચાહ્યું ખરું પણ પ્રેમની બેડી ન બનાવવી.

**પુનર્જન્મ કન્ફર્મ કરવાનો હોય તો શું બનવા માગો?**
અન્યાય સામે લડી પીડિતોના દુઃખ ઓછા કરી શકું તેવો માનવદેહ.

**આપની સફળતાનું રહસ્ય?**
જે અલ્પશક્તિ હોય તેનું પણ ટીપેટીપું નિચોવીને પૂરી નિષ્ઠાથી કામ કરવું તે.

**મનપસંદ અભિનેતા**
ચાર્લી ચેપ્લીન



## અરધી સદી ઉપરાંતની સાહિત્યયાત્રાના અણથક યાત્રી, શિષ્ટ સાહિત્યપ્રસારના ભેખધારી મહેન્દ્ર મેઘાણી

**મનપસંદ અભિનેત્રી**
કાનન દેવી

**મનપસંદ ફિલ્મ**
હાઉ ગ્રીન વોઝ માય વેલી - અંગ્રેજી ફિલ્મ

**મનપસંદ રાજકારણી**
જવાહરલાલ નેહરૂ

**ગમતો કોમેડિયન**
રિપીટ - ચાર્લી ચેપ્લીન

**મનપસંદ ટીવી કાર્યક્રમ**
સમાચાર સિવાય ટી.વી. ખાસ જોતો નથી.

**મનપસંદ કલાકાર**
ચિત્રકાર નંદલાલ બોઝ

**આપ અન્ય લોકોને આપવા ઇચ્છતા હો તેવો સંદેશ એક વાક્યમાં જણાવો.**
જિંદગી ટૂંકી મીણબત્તી નહીં પણ એક ભવ્ય મશાલ છે. તેનો ઉત્તમ ઉપયોગ કરી જાણો.

**'ડોગ' અને 'કેટ' સિવાયનું શું પાળવું ગમે?**
ગાય.

**છેલ્લી ખરીદી**
અમૃતલાલ વેગડના સંસ્મરણ પુસ્તક 'સ્મૃતિઓનું શાન્તિનિકેતન'ની પચીસ નકલ મારા જન્મદિને ખરીદી મિત્રોને ભેટ આપી.

**તમારા વિશે એક વાક્યમાં તમારો અભિપ્રાય શું હોઇ શકે?**
સામાન્ય માણસ પણ પૂરી નિષ્ઠાથી કામ કરે તો એનું જીવન સાર્થક કરી શકે છે.

**તમે આ ક્ષેત્રમાં ના હોત તો કયા ક્ષેત્રમાં હોત?**
સાહિત્ય પ્રકાશન-પ્રસારની સાથે સાથે અડધો દિવસ ખેતીકામ કરવાની હોંશ યુવાનીમાં હતી.

**ઘરની બહાર નીકળો ત્યારે અનિવાર્યપણે તમારી પાસે હોય તેવી ચીજ?**
ખાદીની થેલી.

**મનપસંદ મુખવાસ**
શેકેલી વરિયાળી.

**સૌથી વધુ ખુશ ક્યારે થાવ છો?**
અમદાવાદના પ્રસિદ્ધ દેરાણી-જેઠાણીનો આઇસક્રીમ ખાવા મળે ત્યારે.

**તમારી જિંદગીને એક વાક્યમાં વર્ણવવી હોય તો....**
મારી યોગ્યતા કરતાં જિંદગીએ મને ઘણું વધારે સુખ આપ્યું છે.

**એક ચોરી માફ કરવામાં આવે તો શું ચોરવું પસંદ કરો?**
અત્યંત ગમી ગયેલા લખાણનો લેખકને પૂછ્યા વિના અનુવાદ પ્રજા સમક્ષ મૂકવાની ચોરી કરવી ગમે.

**જૂઠ્ઠું ક્યારે બોલો છો?**
કુટુંબીજનો પ્રેમના આક્રમણથી કશુંક કરવાનું કહે ત્યારે લાચાર થઇને અસત્યનો સહારો લેવો પડે.

**અત્યારે કયું પુસ્તક વાંચો છો?**
જયંત કોઠારી સંપાદિત મેઘાણીવિવેચનાસંદોહ

**ગમતા ગુજરાતી લેખક - કવિ**
ઉમાશંકર જોશી